જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૪/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-  સમાચાર યાદી નં.૬૫૮ /૧૫

## ગેરકાયદેસર ના દેશી બનાવટનો તમંચો તથા કારતુસ નંગ-૨ સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ. જે અનુંસધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી પી.બી.દેસાઇ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગ માં હતા. જે દરમ્યાન પો.કો કનકસિંહ નટવરસિંહ તથા પો.કો જગદિશસિંહ ભરતસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે રિયાઝુદ્દીન અલીમુદ્દીન કુરેશી ઉ.વ ૩૮ ધંધો મજુરી કામ રહેવાસી મનં. ૧૬ અલઅમન સોસાયટી આસ્મા પાર્કની બાજુમાં કોઝી હોટલની પાછળના ભાગે દાણીલીમડા અમદાવાદ શહેર નાનો નારોલ નરોડા રોડ દાણીલીમડા કોઝી હોટલ સામે રોડ ઉપરથી મળી આવેલ. જેની પાસેથી (૧) દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૧૨૦૦/- (૨) કારતુસ નંગ-૨ કિ.રૂ.૧૦૦/- જેની કુલ્લે કિ.રૂ.૧૩૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી સદરહું ઇસમને પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે. તા.૦૫/૦૪/૨૦૧૫

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)